## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, ઊતાવળ ન કરો, નકલી કોરોના રસીનો ફુલ સ્ટોક તૈયાર જ છે.... અસલી આવે એટલી જ રાહ તો જોવી જ પડશે...!!

# શહેરમાં RTPCR ટેસ્ટ માટે ભારે ધસારો

## ઘરના એક સભ્યને પોઝીટીવ આવે એટલે આખું ઘર RTPCR કરાવવા દોડે છે : રીપોર્ટના ભાવ ઘટાડાની અસર

ગાંધીનગર, તા.૫

શહેરમાં કોરોનાના કેસમાં દિવસેને દિવસે સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં આજે ઘરે ઘરે એક કેસ કોરોના પોઝીટીવ જોવા મળે છે. તહેવારો બાદ કેસની સંખ્યામાં વધારો થતા શહેરીજનો ચિંતામાં મુકાયા છે. એન્ટિજન ટેસ્ટ કરાવ્યા બાદ પણ RTPCR ટેસ્ટ કરાવવા તરફ શહેરીજનો વળ્યા છે અને હવે તો સરકાર દ્વારા આરટીપીસીઆર ટેસ્ટના ભાવ ઘટાડી ૮૦૦-૧૧૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે અને ડોકટરના પ્રીસ્ક્રીપ્શનનો નિયમ પણ દૂર કરવામાં આવ્યો છે ત્યારે એક નહિ પરીવારના તમામ સભ્યો કોરોનાનો ટેસ્ટ કરાવી રહ્યા છે. શહેરની બહાર આવવા જવા ઉપરાંત કોર્પોરેટ ઓફિસ અને પ્રોફેશનલ વર્કીંગ્સ દ્વારા પણ હાજર થવા માટે કોરોના નેગેટીવનો નિયમ રાખવામાં આવે છે. આવા તમામ કારણોસર શહેરની લેબોરેટરી પર ભારણ વધી ગયું છે. પહેલા કોરોના ટેસ્ટનું રીઝલ્ટ ૧૨ થી ૧૬ કલાકમાં આવતું હવે ૨૪ કલાક કે તેથી વધુ સમય લાગે છે.

શહેરની જાણીતી લેબોરેટરીના ઓનર મહેન્દ્રભાઈ ગજ્જર આ બાબતે વાત કરતા જણાવે છે કે, કોરોનાના કેસમાં આમ અચાનક વધારો થયો છે જેથી શહેરીજનો પેનિક થઈ ગયા છે અને સરકાર દ્વારા રીપોર્ટ ભાવમાં ઘટાડો તથા ડોકટરનું પ્રીસ્ક્રીપ્શન મરજીયાત કર્યું હોવાથી પરિવારના એક સભ્યને કોરોના આવે એટલે તમામ સભ્યો ટેસ્ટ કરાવી જ લે છે. એન્ટિજન પોઝીટીવ આવે છતાંય આરટીપીસીઆર કરાવવા તેઓ અધિરા બની રહ્યા છીએ. અમે સમજાવીએ છીએ કે એન્ટીજન નેગેટીવ આવે તો તમે આરટીપીસીઆર કરાવો પણ પોઝીટીવ આવ્યો તો પોઝીટીવ જ હશે તેમ માનીને ચાલો અને ડોકટરનો સંપર્ક કરો પેનિક થઈને ટેન્શન ન લો. આ બધું જ શહેરીજન માટે તદ્દન નવું છે એટલે તેઓ વધુ પેનિક થઈ રહ્યા છે જયાં સુધી અશકિત, તાવ કે શ્વાસમાં તકલીફ ન થાય ત્યાં કોરોનાને લઈ પેનિક ન થવું તેવું અમારું અને ડોકટરોનું પણ કહેવું છે. આ જાગૃતતા કહો કે અણસમજ દરેક ટેસ્ટ કરવા આવી જાય છે એટલે અમારા રૂટિન બ્લડ ટેસ્ટ કરાવવા આવનાર પેશન્ટ ડરે છે એટલે અમારે કમ્પલસરી ઘરે જઈને જ ટેસ્ટ કરવાનો વિકલ્પ રાખવો પડે છે. કોરોના ટેસ્ટ કરવા માટે શહેરીજનો એટલા અધીરા બન્યા છે કે અમારે પહેલા કરતા અત્યારે ધસારો ડબલ થઈ ગયો છે.




આજે યુનિવર્સિટીની પરીક્ષા બહાર આપવા જતા વિદ્યાર્થીઓ, શાળા-કોલેજમાં હાજર થતા શિક્ષકો, કોર્પોરેટર કંપનીમાં હાજર થતા પહેલા તથા બહારગામ જતા તમામનો કોરોના રીપોર્ટ કરાવવો જરૂરી બન્યો છે જેને લઈને પણ શહેરીજનો હવે વધુ સતર્ક બન્યા છે. પરંતુ આ સિવાય જે શહેરીજનો કોરોના ટેસ્ટ ડોકટરને પૂછયા વગર સામાન્ય શરદીને કારણે કરાવી રહ્યા છે તેને કારણે શહેરની લેબોરેટરી પર ભારણ વધી ગયું છે જેને કારણે આરટીપીસીઆરના રીઝલ્ટ પણ ૧૨ થી ૧૪ કલાકની જગ્યાએ હવે ૨૪ કલાક સુધીમાં આવે છે.

# વેક્સિનેશન માટે ગુજરાત વહીવટીતંત્ર સજ્જ

## રાજ્યમાં ૪૭૭૯૬ વેક્સીનેશન બુથ તથા ૧૫૫૩૪ ટીમો તૈનાત : સરકારી અને ખાનગી આરોગ્ય સંસ્થાના તમામ કોરોના વોરિયર્સને અગ્રીમતાના ધોરણે રસી અપાશે : નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૫

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે વૈશ્વિક કોરોનાની મહામારી સંદર્ભે દેશ અને દુનિયાના લોકો ઝઝૂમી રહ્યા છે ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને કોરોના સામે સુરક્ષીત કરવા જે પ્રયાસો કરી રહ્યાં છે અને આગામી ટુંક સમયમાં કોરોનાની વેકસીન ઉપલબ્ધ થશે. આ રસી ગુજરાતના નાગરિકોને તબક્કાવાર પુરી પાડવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ રસીકરણ અંગે સુદ્રઢ વ્યવસ્થાઓ ગોઠવવા અંગેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યુ કે રાજયના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકા અને કોર્પોરેશન કક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. એટલું જ નહી આ ટાસ્ક ફોર્સે જરૂરી આયોજન પણ કરી લીધુ છે. ગુજરાતમાં વેક્સિનના સ્ટોરેજ માટે ઝોન કક્ષાએ ૬ વેક્સિન સ્ટોર, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ ૪૧ સ્ટોર અને છેક અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચવા ૨,૧૮૯ કોલ્ડ ચેઈન પોઈન્ટ આજની પરિસ્થિતિએ ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે. તમામ સ્ટોર ખાતેના સાધનોનું ટેકનિકલ ઓડિટ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. બે વધારાના વોક-ઈન કુલર, એક વોન ઈન ફ્રી અને ૧૬૯ આઈસલાઈન્ડ રેફ્રીજરેટર પૈકી ૧૫૦ જેટલા આઈસલાઈન્ડ રેફ્રીજેટર મળી ગયા છે. ૩૦ ડીપ ફ્રીઝ કેન્દ્ર સરકારમાંથી પ્રાપ્ત થશે.

તેમણે ઉમેર્યુ કે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ ગુજરાતે વેક્સિનેશન માટેનું આયોજન શરૂ કરી દીધુ છે. પ્રથમ તબક્કામાં હેલ્થકેર વર્કસની માહિતી તૈયાર કરવામાં આવી રહી છે. આજ સુધીમાં રાજ્ય સરકારના ૨.૭૧ લાખ આરોગ્યકર્મીઓ અને ૧.૨૫ લાખ ખાનગી આરોગ્ય કર્મીઓ મળીને કુલ ૩.૯૬ લાખ હેલ્થકેર વર્કસની માહિતી એકત્ર કરવામાં આવી છે. બીજા તબક્કામાં ફ્રન્ટલાઈન વર્કર જેવા કે હોમગાર્ડસ, પોલીસ, સફાઈકર્મી વિગેરેને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની સૂચના મુજબ બીજા વિભાગના ફ્રન્ટ લાઈન વર્કરોની માહિતી તૈયાર કરવા કમિટિની રચના કરવા જણાવાયું છે. ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા સીનીયર સીટીઝનની માહિતી પણ તૈયાર કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. કોવિડ વેક્સિન અને લાભાર્થીના ચેકીંગ માટે ભારત સરકાર દ્વારા કોવિન સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે. જિલ્લા અને કોર્પોરેશન દ્વારા પણ આ સોફ્ટવેરમાં રસીકરણના સ્થળ અને વેક્સિનેટરની માહિતીની એન્ટ્રી શરૂ કરી દેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે રસીકરણની કામગીરી માટે રાજ્યમાં ૪૭૭૯૬ વેક્સીનેશન સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. આ માટે ૧૫૫૩૪ ટીમો પણ તૈનાત કરવામાં આવશે. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ રસી આપવા માટે તમામ આરોગ્ય કર્મીઓને જરૂરીયાત મુજબ તાલીમબદ્ધ કરાશે. જે નાગરિકોને રસી આપવાની થશે તેમને અગાઉથી એસ.એમ.એસ. દ્વારા જાણ કરી સ્થળ-સમય-તારીખની રાજ્ય સરકાર દ્વારા સામેથી જાણ કરાશે.


## ખૂણેખાંચરેથી

- ઔડાએ જિલ્લાના બે ગામો લિમ્બડિયા અને પિયજ ખાતે સદ્‌ભાવના ફંડમાંથી વિકાસ કામો હાથ ધરવાની મંજૂરી આપી છે.
- ડીસ્ટ્રીકટ ટાસ્ક ફોર્સ ફોર ઈમ્યુનાઈઝેશનની મહત્વની બેઠક ૮મી ડિસેમ્બરના રોજ જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળશે જેમાં પલ્સ પોલિયો અભિયાન સહિતના મુદ્દાઓ પર ચર્ચા થશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મયોગીમાં પણ ચિકનગુનિયા દેખા દેતાં કર્મચારીઓ ચિંતાતુર બન્યા છે. પંચાયત શાખાના નાયબ ચીટનીસ વી.ટી. સોનીનો ચિકનગુનિયા થયો છે.
- જિલ્લામાં અધિકારીઓ દ્વારા રજા પર જવાનો સિલસિલો અને કેટલીક મહત્વની ખાલી જગ્યાઓ ચાર્જમાં ચાલતી હોવાથી પ્રશ્નો અને ફાઈલોના ઢગલા થયા છે.
- જિલ્લામાં આજે કોરોનાના કહેર વચ્ચે મતદારયાદી સુધારણા ઝુંબેશનું ત્રીજુ સઘન અભિયાન યોજાશે. કુલ ચાર સઘન અભિયાન યોજવાનો નિર્ણય ચૂંટણી પંચે કર્યો છે.
- ૮મીએ કોંગ્રેસ દ્વારા યોજાનારા પ્રતિક ધરણાના કાર્યક્રમના આયોજનને લઈ આજે જિલ્લાના આગેવાનોની બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લામાં કોવિડ વેક્સીનને લઈ તડામાર તૈયારીઓ આરંભાઈ છે.
- જિલ્લામાં આજે કોરોના પોઝીટીવ કેસો ૬૦થી નીચે નોંધાતા તંત્રએ થોડીક રાહત અનુભવી છે.
- લીમખેડાના પ્રાંત અધિકારી દિનેશભાઈ હડિયલનું કોરોનાને કારણે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગીય હડિયલ ગાંધીનગરના સેકટર-૬ના રહીશ હતા.
- આ વર્ષે પતંગના ઉત્પાદનમાં પણ ઘટાડો થશે તેવી વાતો પતંગ રસિયાઓમાં ચાલી છે.

# ગીયોડ ગામમાં ક્રિકેટ મેચની ખુશીમાં વિજય સરઘસ મુદ્દે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૫

હાલની સ્થિતિએ કોરોનાના વધી રહેલા સંક્રમણને પગલે તમામ જાહેર કે ધાર્મિક કાર્યક્રમોને મંજુરી મળતી નથી. તો બીજીતરફ ગણતરીના મહેમાનોની હાજરીમાં લગ્ન સમારોહ યોજાઈ રહ્યા છે. ડી.જે., બેન્ડવાજા, રેલી અને વરઘોડાની પણ પરમીશન તંત્ર દ્વારા આપવામાં આવી રહી નથી. કોરોનાને કાબુમાં કરવા આરોગ્ય વિભાગ અધિકારી-કર્મચારી સતત કામ કરી રહ્યા છે. તેવી સ્થિતિમાં ગાંધીનગર નજીક આવેલા ગીયોડ ગામમાં ક્રિકેટ મેચ જીતવાની ખુશીમાં વિજય સરઘસ કાઢીને કોરોનાને કોરાણે મુકીને યુવકો ડી.જે.ના તાલે ખુશી વ્યકત કરી રહ્યા હતા. ત્યારે આ વિજય સરઘસનો વિડીયો વાયરલ થતા ચિલોડા પોલીસે ત્રણ યુવકો સહિત ૨૦૦ વ્યકિત સામે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.



પોલીસ તરફથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક ગિયોડ ગામે યુવકો વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. જેમાં શુક્રવારના રોજ છાલા ગામના યુવકો મેચ જીતી ગયા હતા. ફાઈનલ મેચ જીતી જતા યુવકો ખુશીમાં વ્યસ્ત હતા. સાંજના સુમારે ગામની ગલીઓમાં વિજય સરઘસ કાઢીને યુવકો છાલા તરફ ગયા હતા.આ બાઈક રેલીમાં અંદાજીત ૭૦ જેટલા બાઈકો પર ૨૦૦ જેટલા યુવકો સવાર હતા. વિજય સરઘસનો વિડીયો વાયરલ થતા જ જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ આ મુદ્દે તપાસના આદેશ આપી દીધા હતા. જેને પગલે ચિલોડા પોલીસ તાત્કાલીક અસરતી હરકતમાં આવી ગઈ હતી અને પોલીસે વીડીયો બતાવીને ત્રણ યુવકોને આઈડેન્ટીફાય કરી લીધા હતા. જેમાં છાલા ગામના હર્ષિલ અશોકભાઈ પટેલ, જીગ્નેસ રાજુભાઈ પટેલ, તેમજ કેવલ બાબુભાઈ પટેલ હોવાનું ધ્યાને આવ્યું હતું. બનાવ અંગે ડીવાયએસપી એમ.કે.રાણા એ જણાવ્યું હતું કે મેચ જીતી ગયા બાદ યુવકોએ તંત્રની પરવાનગી વિના મ્યુઝીક સાથે વિજય સરઘસ કાઢ્યું હતું. આ મુદ્દે જાહેરનામા ભંગ અને એપેડેમિક ડિસિઝ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




કોરોનાનો વ્યાપ વધતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ઠેર ઠેર ટેસ્ટીંગ સેન્ટરો શરૂ કરાયા છે. સચિવાલયના કર્મચારીઓ અને અધિકારીઓના લાભાર્થે સચિવાલય ફિટનસ સેન્ટર ખાતે કોરોના એન્ટીજન ટેસ્ટ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# ઊર્જા ક્ષેત્રની જેમ ગુજરાત પાણીના ક્ષેત્રમાં વોટર સરપ્લસ સ્ટેટ બન્યું છે : રૂપાણી

## વડોદરા જિલ્લાને પીવાના પાણીના રૂ. ૪૧૭ કરોડ અને પ્રવાસનના રૂ. ૪૬ કરોડના વિકાસ કામોની ભેટ

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે ઊર્જા ક્ષેત્રની જેમ ગુજરાત પાણીના ક્ષેત્રમાં વોટર સરપ્લસ સ્ટેટ બન્યું છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં એક સમયે કૂલ બજેટનું કદ માત્ર આઠ હજાર કરોડનું હતું, તેની સામે હાલમાં માત્ર પીવાના શુદ્ધ પાણીના આયોજન માટે રૂ. ૧૪ હજાર કરોડનું બજેટ છે. આ બાબત દર્શાવે છે કે રાજય સરકાર ગુજરાતમાંથી પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે કટિબદ્ધ છે. પાણી એ વિકાસની પ્રાથમિક શરત છે, તેમ તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નલ સે જલના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાતે પહેલ કરી છે. આ માટે વર્ષ-૨૦૨૧ના અંત સુધીમાં ગુજરાતના તમામ ઘરોમાં સો ટકા નળ દ્વારા પીવાનું શુદ્ધ પાણી પૂરૂ પાડવામાં આવશે.

મુખ્યમંત્રીએ પ્રાચીન સમયના દર્ભાવતી પ્રદેશ એવા ડભોઈ ખાતેથી વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકા ઉપરાંત પાદરા, કરજણ અને શિનોરને પીવાના પાણીના રૂ.૪૧૭.૩૯ કરોડના વિકાસ કામોની ભેટ ધરી છે. સાથે તેમણે કરનાળીના પ્રસિદ્ધ શ્રી કુબેર ભંડારીમાં યાત્રાળુઓની સુવિધા માટે રૂ.૪૬ કરોડના પ્રવાસન કામોનો પ્રારંભ કરાવ્યો છે.

તેમણે રૂ. ૭૧.૮૬ કરોડના ખર્ચથી નિર્મિત ડભોઈ જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૨નું લોકાર્પણ કર્યું હતું. આ યોજના દ્વારા ડભોઈ તાલુકાના ૭૪ ગામો અને ૧૪ નર્મદા વસાહતોની ૮૯ હજાર ઉપરાંત વસ્તીને પીવાનું શુદ્ધ પાણી મળશે. આ ઉપરાંત રૂ.૧૮૪.૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નર્મદા કેનાલ આધારિત વડોદરા બલ્ક પાઈપલાઈન (પેકેજ-૧ અને પેકેજ-૨) યોજનાનું ખાતમુહૂર્ત તેમણે કર્યુ હતું. વડોદરા તાલુકાના (દક્ષિણ) ૪૯ અને કરજણ શહેર સહિત તાલુકાના ૯૩ અને શિનોર તાલુકાના ૪૧ સહિત ૧૮૩ ગામોને આ યોજનાથી પીવાનું શુદ્ધ પાણી મળશે.

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**જાહેર નિવિદા નં.૫/૨૦૨૦-૨૦૨૧**

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦એ, 'સાગર ભવન' ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૩૮૦૧૧) દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

| અ નું | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. (૪) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧ | એસ.આર. ટુ લેડીસ ટોઈલેટ બ્લોક ઈન મેઈન ઓફીસ બિલ્ડીંગ એટ ગાંધીનગર | (૧) રૂ. ૨,૬૦,૬૦૩.૦૦ (૨) ઈ-૨ અને ઉપર (૩) રૂ. ૩૦૭૭.૦૦ (૪) રૂ. ૭૧૦.૦૦ (Including 18% GST) |
| ૨ | વોટર પ્રુફિંગ ટ્રીટમેન્ટ ઓન ટેરેસ એન્ડ ઓપન ટેરેસ ઓફ હેડ ઓફિસ એટ ગાંધીનગર | (૧) રૂ.૨૨,૪૭,૫૦૦.૦૦ (૨) ઈ-૧ અને ઉપર (૩) રૂ. ૨૬,૬૦૦.૦૦ (૪) રૂ. ૧૦૬૨.૦૦ (Including 18% GST) |

- ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૮/૧૨/૨૦૨૦ થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૨૨/૧૨/૨૦૨૦, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbprots.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી છે.

માહિતી/૧૪૧૯/૨૦-૨૧

**ઈ-ટેન્ડર જાહેર નિવિદા**

**વર્ષ ૨૦૨૦-૨૦૨૧**

**ગાંધીનગર મહાનગરપાલિકા**

**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

**ઈ-ટેન્ડર ડોક્યુમેન્ટ નં. : ૩૮**

ગાંધીનગર મહાનગપાલિકા વિસ્તારમાં નીચે દર્શાવ્યા મુજબના કામ માટે વાર્ષિક કરારના ધોરણે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ કે જે ભારતીય માન્યતા પ્રાપ્ત સંસ્થાઓનું લાઈસન્સ તથા રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમની પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામની વિગત | ઢોર ડબ્બાના પશુઓના ઘાસચારા માટે |
| અંદાજીત રકમ લાખમાં | ૬૦,૦૦,૦૦૦/- (સાઠ લાખ) અંદાજીત |
| ઈ.એમ.ડી.ની રકમ રૂ. | રૂ. ૧,૮૦,૦૦૦/- |
| ટેન્ડર ફીની રકમ રૂ. | રૂ. ૨૪૦૦/- |
| ઈ-ટેન્ડર અપલોડ કરવાની તારીખ | તા. ૭/૧૨/૨૦૨૦ |
| ઈ-ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૩/૧૨/૨૦૨૦ સમય ૧૮-૦૦ કલાક સુધી |
| ઈ-ટેન્ડર ઓનલાઈન સબમિટની છેલ્લી તારીખ | તા. ૨૮/૧૨/૨૦૨૦ સમય ૧૮-૦૦ કલાક સુધી |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ | તા. ૩૧/૧૨/૨૦૨૦ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર, મહાનગરપાલિકા, એમ.એસ. બિલ્ડીંગ, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| બીડ વેલીડીટી | એક વર્ષ |
| ટેન્ડર ડોક્યુમેન્ટની વિગત આ વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. | www.nprocure.com ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.gmc.egov.org.in ઉપરથી જોઈ શકાશે. |

**સ્થળ : ગાંધીનગર**
**તા. ૫/૧૨/૨૦૨૦**
માહિતી/૧૪૧૫/૨૦-૨૧

**મ્યુનિસિપલ કમિશનરશ્રી**
**ગાંધીનગર મહાનગરપાલિકા**

